# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 07-07-2024 બપોર : 1.20 થી 1.30

વાર : રવિવાર

### આકાશવાણી સમાચાર ખ્યાતિ પુરોહિત વાંચે છે.

***********************************************

- અમદાવાદ અને પુરી સહિત દેશભરના વિવિધ ભાગોમાં ભગવાન જગન્નાથ નગરચર્યાએ નિકળ્યાં, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પુરીમાં રથયાત્રાના દર્શન કરશે..
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી રશિયા અને ઑસ્ટ્રિયાના ત્રણ દિવસીય પ્રવાસે રવાના થશે..
- જમ્મૂ કાશ્મીરમાં બે જુદી જુદી અથડામણમાં પાંચ આતંકી ઠાર, બે જવાન શહીદ થયા..
- ઉત્તર અને પૂર્વીય ભારતના કેટલાંક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા..
- અને મહિલા આંતરરાષ્ટ્રીય ટી20 ક્રિકેટની બીજી મેચમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો..

***********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RATHYATRAAHMEDABAD NOON

આજે રવિવારે અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથ નગરચર્યાએ નીકળ્યા છે. વર્ષમાં આ એક જ રૂડો દિવસ હોય છે જ્યારે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઇ બલરામ સાથે ભક્તોને દર્શન આપવા માટે મંદિરની બહાર નીકળે છે. આ પાવન પર્વે વહેલી સવારે જગન્નાથ મંદિરમાં ગૃહમંત્રી અમિત શાહે મંગળા આરતીનો લાભ લીધો હતો. ત્યારબાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોનાની સાવરણીથી પહિંદ વિધિ કરીને ખલાસીઓ સાથે રથને ખેંચીને રથયાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ રથના દર્શન કરીને પૂજા કરી હતી.

આજે સમગ્ર શહેર જય જગન્નાથ અને જય રણછોડ, માખણ ચોરના નાદથી ગુંજી રહ્યુ છે. ભગવાનના દર્શન કરીને ભક્તોમાં પણ અનેરો ઉત્સાહ દેખાઇ રહ્યો છે. રથયાત્રામાં શણગારેલ 18 ગજરાજ, 101 ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરતા ટ્રક, 30 અખાડા, 18 ભજન મંડળી, 3 બેન્ડવાજા, 30 હજાર કિલો મગનો પ્રસાદ, 500 કિલો જાંબુ, 300 કિલો કેરી, 400 કિલો કાકડી, 2 લાખ ઉપેણાનો પ્રસાદનુ આપવામાં આવશે. તેમજ ભગવાનના રથ ખેચવા માટે 1000 થી ખલાસીઓ જોડાયા છે.

# PURI JAGANNATH

આ તરફ ઓડિશાના પૂરીમાં વિશ્વ પ્રખ્યાત રથયાત્રાનો પ્રારંભ થયો છે. પુરીના ગ્રેન્ડ ટ્રંક રોડ પર ભગવાનના ત્રણેય રથ લઈ જવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પુરીમાં રથયાત્રાના દર્શન કરશે. દુનિયાભરમાંથી આવેલા શ્રદ્ધાળુઓ આજે વહેલી સાવરથી રથ ખેંચવા તેમજ ભગવાનના દર્શન માટે જગન્નાથ મંદિરમાં ઉમટ્યા છે.

અમદાવાદની જગન્નાથ યાત્રાથી ભિન્ન પુરીમાં રથોને ગુંડિચા મંદિરે લઈ જવાશે, જ્યાં તેઓ એક સપ્તાહ સુધી વિરામ કરશે. પુરીમાં રથયાત્રાને પગલે ચાંપતો સુરક્ષા બંદોબસ્ત કરાયો છે. 180 જેટલી સુરક્ષા ટુકડીઓ ઉપરાંત

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સીસીટીવી કૅમેરાથી યાત્રાનું નિરીક્ષણ કરાઈ રહ્યું છે. ઓડિશામાં રથયાત્રાના પગલે બે દિવસની જાહેર રજા ઘોષિત કરાઈ છે.

# PM AUSTRIA CHANCELLOR

ઑસ્ટ્રિયાના ચાન્સેલર કાર્લ નેહમરએ કહ્યું છે કે તેઓ આગામી સપ્તાહે વિયનામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવા ઉત્સાહી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી નેહમરએ કહ્યું છે કે શ્રી મોદીનો ઑસ્ટ્રિયા પ્રવાસ તેમની માટે વિશેષ સમ્માન છે, કારણ કે ચાળીસ વર્ષોમાં પહેલીવાર કોઈ ભારતીય પ્રધાનમંત્રી ઑસ્ટ્રિયા જઈ રહ્યા છે. તેમણે કહ્યું છે કે આ પ્રવાસ એટલે પણ મહત્વનો છે, કારણ કે બંને દેશોના રાજકીય સંબંધોને 75 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ચાન્સેલરે કહ્યું કે બંને દેશો વચ્ચેના દ્વીપક્ષીય સંબંધોને મજબૂત કરવા તેમજ ભૌગોલિક રાજકીય પડકારો અંગે સહકાર સહિતના વિવિધ મુદ્દાઓ પર શ્રી મોદી સાથે વાતચીત કરવાની તક મળશે.

આ તરફ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી નેહમર પ્રત્યે આભાર વ્યક્ત કરતા લખ્યું છે કે, ઑસ્ટ્રિયા પ્રવાસ સમ્માનની વાત છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે તેઓ બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા તેમજ સહકાર માટે નવા માર્ગોની ચર્ચા માટે ઉત્સુક છે.

# PM RUSSIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ત્રણ દિવસના રશિયા અને ઑસ્ટ્રિયાના પ્રવાસ માટે રવાના થશે. યાત્રા દરમિયાન તેઓ 22મી ભારત-રશિયા શિખર સંમેલનમાં ભાગ લેશે. આ સંમેલન બંને દેશો વચ્ચે સંરક્ષણ, વેપાર, રોકાણ, ઊર્જા, શિક્ષણ, વિજ્ઞાન તેમજ ટેક્નૉલોજી, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધો પર કેન્દ્રિત હશે. શ્રી મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમિર પુતિન બંને દેશો વચ્ચે બહુમુખી સંબંધોની સમીક્ષા કરશે અને સાથે જ પારસ્પરિક હિત સંદર્ભેના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા થશે.

બંને દેશોના નેતા બ્રિક્સ, શાંઘાઈ સહકાર સંગઠન, જી-20, પૂર્વીય શિખર સંમેલન અને સંયુક્ત રાષ્ટ્રમાં દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે. આ પ્રવાસ દરમિયાન રશિયન સેના દ્વારા ગેરમાર્ગે દોરાયેલા ભારતીય નાગરિકો મુદ્દે પણ ચર્ચા થઈ શકે છે.

# J&K - KULGAM ENCOUNTER UPDATED

કાશ્મીર ખીણ પ્રદેશમાં થયેલી બે જુદી જુદી અથડામણમાં પાંચ આતંકીઓ ઠાર મરાયા છે. જ્યારે બે જવાન શહીદ થયા છે. કુલગામના ફ્રિસલ ચિન્નિગામ અને મોટેર ગામમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. ગઈકાલે બપોર બાદ આતંકીઓના ઠેકાણા વિશે મળેલી માહિતી મળ્યા બાદ સ્થાનિક પોલીસ અને સુરક્ષાદળોની ટુકડીએ બે સ્થળોએ તપાસ અભિયાન ચલાવ્યું હતું.

દરમિયાન આતંકવાદીઓએ ફાયરિંગ કરતા સુરક્ષાદળોની જવાબી કાર્યવાહીમાં પાંચ આતંકવાદીઓ ઠાર મરાયા. કાશ્મીર પોલીસના વરિષ્ઠ અધિકારીએ આકાશવાણીને જણાવ્યું કે આ અથડામણમાં બે સુરક્ષા જવાનો શહિદ થયા છે. મોટેરગામ અને ફ્રિસલ ચિન્નિ ગામમાં ગઈકાલથી શરૂ થયેલું ઘર્ષણ આજે સતત બીજા દિવસે ચાલુ છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે ઉત્તર અને પૂર્વોત્તર ભારતના ઘણાભાગોમાં ભારેથી અતિ ભારે વરરસાદની અગાહી કરી છે. ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, પંજાબ, પૂર્વીય રજસ્થાન, અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, મહારાષ્ટ્ર, દક્ષિણ કર્ણાટકમાં ભારે વરસાદની શક્યતા છે. આ તરફ પૂરગ્રસ્ત આસામમાં આજે ભારે વરસાદન પડી શકે છે.

આ ઉપરાંત પૂર્વોત્તરના રાજ્યોમાં અંતરિયાળ ભાગોમાં ભારે વરસાદને પગલે અલર્ટની સ્થિતિ છે. જ્યારે કે કેટલાક જિલ્લાઓમાં શાળાઓમાં રજા જાહેર કરાઈ છે.

## FRANCE ELECTION

ફ્રાન્સમાં આજે સામાન્ય ચૂંટણી માટે બીજા તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. પ્રાથમિક પરિણામો અનુસાર મેરિન લિ પેનના નેતૃત્વવાળી દક્ષિણપંથી નેશનલ રેલી પક્ષએ પ્રથમ તબક્કાની ચૂંટણીમાં 30 ટકાથી વધુ મત મેળવીને સંસદમાં બહુમત મેળવ્યાના અહેવાલ છે. જો તેઓ બસ્સો નેવ્યાંસી બેઠકો જીતી લેશે તો રાષ્ટ્રપતિ મેક્રોં નેશનલ રેલી પક્ષના ઉમેદવાર જોર્ડન બાર્ડેલાને ફ્રાન્સના નવા પ્રધાનમંત્રી ઘોષિત કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ગત 9 જૂનના રોજ ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોંએ સંસદ ભગ કરીને સમય કરતા વહેલા ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી. સંસદના નીચલા ગૃહ માટે થઈ રહેલી ચૂંટણી બે તબક્કામાં યોજાઈ છે, જેમાં 577 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે..

## ISRAEL AIR STRIKE

પેલેસ્ટાઇન સ્થિતિ ગાઝા પટ્ટી પર ઇઝરાયેલે કરેલા હવાઈ હમલામાં 16 લોકનાં મૃત્યુ થયા છે, જ્યારે 50થી વધુ લોકો ઘવાયા હોવાના અહેવાલ છે. આ ભવનમાં હજારો વિસ્થાપિત લોકોએ શરણ લીધી હતી. આ તરફ ઇઝરાયેલના વાયુદળે મધ્ય ગાઝામાં આતંકી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હોવાના અહેવાલ છે. ઇઝરાયેલનું કહેવું છે કે આ ઠેકાણાઓથી ગાઝામાં ઇઝરાયેલના સૈનિકો પર હુમલા કરાઈ રહ્યા હતા.

## WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં ટી20 શ્રેણીમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજી મેચ ચેન્નઈમાં રમાશે. ત્રણ મેચનીઆ શ્રેણીમાં પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકાએ

ભારતને 12 રનથી હરાવ્યું હતું. બંને ટીમો વચ્ચે ત્રીજી અને અંતિમ મેચ મંગળવારે રમાશે.

# CHAR DHAM YATRA – SUSPENDED

ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહીને પગલે ચારધામ યાત્રા સ્થગિત રહેશે. ગઢવાલ ડિવિઝનના કમિશ્નરે આ વિશે એક આદેશ જાહેર કર્યો છે. જેમાં તેમણે શ્રદ્ધાળુઓને આગળ નહીં વધીને યથા સ્થાને રહેવાની અપીલ કરી છે. શ્રદ્ધાળુઓને ઋષિકેશથી આગળ નહીં જવા માટે ચેતવણી આપવામાં આવી છે. આપને જણાવી દીએ કે ઉત્તરાખંડના અનેક ભાગોમાં ભારે વરસાદને પગલે ભખડો ધસી પડવાની ઘટનાઓ સામે આવી છે. હવામાન વિભાગે આજે અને આવતીકાલે રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની અગાહી કરી છે..

# ASSAM FLOOD

આસામમાં પૂરને પગલે છેલ્લાં ચોવીસ કલાકમાં વધુ છનાં મોત થયા છે, આ સાથે જ રાજ્યમાં પૂરને કારણે મરનારા લોકોની સંખ્યા વધીને 58 થઈ છે. રાજ્યના 29 જિલ્લાઓમાં પૂરને પગલે ગંભીર સ્થિતિ છે, લગભગ 24 લાખ લોકોને અસર થવા પામી છે. પૂર અસરગ્રસ્ત 107 તાલુકાઓમાં ત્રણ હજાર પાચસોથી વધુ ગામોમાં અંદાજે 68 હજાર હેક્ટર પાકને નુકસાન પહોંચ્યું છે.

રાષ્ટ્રીય અને રાજ્ય આફત નિવારણ દળોએ પાછલા ચોવીસ કલાકમાં 218 લોકોને સુરક્ષિત સ્થળોએ પહોંચાડ્યા. રાજ્યમાં બ્રહ્મપુત્રા, બરાક સહિતની નદીઓ જોખમી ભયસ્થાનથી ઉપર વહી રહી છે. પૂરને પગલે 176 માર્ગો, બે પૂલ સહિત અન્ય કેટલીક ઇમારતોને નુકસાન પહોંચ્યું છે. જ્યારે અંદાજે 15 લાખ પશુઓને અસર થવા પામી છે. રાજ્ય સરકારે પૂર પીડિત માટે 293 શિબિર, તેમજ 284 જેટલા વિતરણ કેન્દ્રો ઉભા કર્યા છે. દરમિયાન હવામાન વિભાગે આજે પણ ભારે વરસાદની ચેતવણી આપી છે.